

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*મરતા નથી દર્દી ‘બોગસ’ મૃતદેહો બળે છે!*
*પૈસાથી મરણ પ્રમાણપત્ર પણ મળે છે?!*
*બળે છે જીવ સરકારી આંકડાની ચિતા પર -*
*ખાલી ખાલી ઘંટીમાં, તંત્ર બચાવનામા દળે છે!*
*(- તો ખૂલાસા કેમ કરવા પડે છે?!)*

### હાઈકુ

*‘યમ’ - રજામાં*
*‘ભેંસ’ કોરોનાગ્રસ્ત*
*ને રસી બંધ!!*

*થાય નાટક*
*અછત ઢાંકવાના -*
*પર્દા પાછળ*

### ચિંતન

***ન તસ્ય રોગો, ન જરા ન મૃત્યુ ।***
***પ્રાપ્તસ્ય યોગાગ્નિમયમ્ શરીર ॥***

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલીમાંથી લેવામાં આવેલ છે.**

**આ જન્મે જ મોક્ષને પ્રાપ્ત કરી મનુષ્ય જન્મ સાર્થક કરવાની. ગતજન્મમાં આપણે કરેલા સત્કર્મોનાં ફળ સ્વરુપ પર કૃપાળુ પરમાત્માની કૃપાથી આપણને મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે. તો આ જન્મે પાછળા જન્મોના સંચિત તથા આ જન્મે વીતી ગયેલ આયુષ્યમાં કરેલ સત્ - અસત્ કર્મોના ફળસ્વરુપ જીવનમાં જે સુખ-દુઃખ આવે તેને પ્રભુ પ્રસાદી રુપે સ્થિરતા અને ધૈર્યપૂર્વક ભોગવી લઈએ.**

**સુખ અને દુઃખમાં માત્ર દૃષ્ટભાવથી પ્રેમભૂર્વક તે ભોગવીએ. જીવનમાં નિષ્કામ સત્કર્મોનું એટલું ભાથુ ભેગું કરીએ કે જેથી ફરી જન્મ ધારણ ન કરવો પડે. મોક્ષગતિ પ્રાપ્ત કરીએ તો જ મનુષ્ય જન્મ સાર્થક થયો કહેવાય.**

### સુવિચાર

- તીર ખાને કી હવસ હૈ તો જિગર પૈદા કર, સરફરોશી કી તમન્ના હૈ તો સર પૈદા કર.. - **અમીર મિનાઈ**
- મને મંજૂર છે અંધારમાં જીવી જવાનું પણ,
  પરાયા તેજથી જીવનમાં અંજાવું નથી ગમતું - **રુસવા મઝલુમી**
- જયારે આપણાથી થઈ શકે એ બધું જ કરી છૂટીએ છીએ ત્યારે ઈશ્વર આપણાથી જે નથી થઈ શકતું તે કરીએ આપે છે - **મુનિશ્રી રાજપુનિત**
- ઈશ્વરને જો બહાર રાખવામાં આવે તો સમજવું કે અંદર કંઈક ખોટું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારા મન ઉપર શુભ ભાવોની વિચારોની બાઉન્ડ્રી દિવાલ જો નહીં હોય તો અશુભ તત્ત્વો, લુખ્ખા તત્વો (ભાવો, વિચરો, વ્યક્તિઓ) કબજો જમાવી દેશે - **બોધિવૃક્ષ**
- તમે સાધના ન કરી શકો એવું બની શકે,
  તમારા કારણે કોઈની સાધનામાં વિક્ષેપ ઊભો થાય એવું તો ન જ બનવું જોઈએ - **પૂજ્ય મોટા**
- આજનું ઔષધ : જાંબુનાં કોમળ પાનને વાટી પાણીમાં મેળવી કોગળા કરવાથી મુખમાના ચાંદા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજસ્થાનના અજમેર શહેરમાં એક મંદિરના આંગણામાં બેસીને એક ભિક્ષુક મહિલાએ છેલ્લા પચાસેક વર્ષમાં ભીખ માંગીને બચત કરી હતી. ખુદ એને પણ ખ્યાલ ન હતો કે કેટલી બચત થઈ હશે ? હમણાં જ પુલવામાના આતંકી હુમલામાં ભારતના કેટલાય નરવીરો શહીદ થયા. સમગ્ર દેશમાંથી તથા વિદેશમાંથી આ શહીદોના પરિવારને ડોનેશન આપવા માટે અનેક ઉદાર દિલ દાતાઓ આગળ આવ્યા. આ અજમેરના ભિક્ષુક બહેનને પણ દાન આપવાનું મન થયું અને પચાસેક વર્ષ સુધી ભેગી કરેલી બચત એક સાથે જાહેર કરી દીધી. જે બચત માટે તેણે આખી જિંદગી કરકસર કરી હતી. તે બચતની રકમ હતી છ લાખ રુપિયા. મનમાં સહેજ પણ સંકલ્પ - વિકલ્પ કર્યા વિના બધું જ શહીદોના પરિવાર માટેના બનેલા કોષમાં દાનમાં આપી દીધું. ખરેખર એક ભિક્ષુકની ઉદારતાની ઘટનાના આલેખન પછી એક વાત લખાઈ જાય છે કે આમ તો સમ્રાટ-સમ્રાટ હોય છે અને ભીખારી-ભીખઆરી હોય છે, પણ ઘણીવાર સમ્રાટ ભીખારી હોય છે તો કયારે ભિખારી પણ સમ્રાટ હોય છે.

# જીવવું હોય તો વિજ્ઞાનનો સ્વીકાર કરો

**તંત્રીસ્થાનેથી...**

કોરોના નામના સૂક્ષ્મ વિષાણુએ આખી દુનિયાને આધુનિક વિજ્ઞાન તરફ વાળી દીદી છે. આમ જોઈએ તો માનવજાતના ઈતિહાસની આ એક ક્રાંતિકારી ઘટના જ ગણાય. વિજ્ઞાન તો સતત વિકસતું અને નિત્ય નવાં સોપાનો સર કરતું વિજ્ઞાન છે. ‘જ્ઞાન’ શબ્દની આગળ ‘વિશિષ્ટ’ના અર્થમાં ‘વિ’ પૂર્વગ મૂકીને આ શબ્દ બનાવાયો છે. અંગ્રેજીમાં ‘સાયન્સ’ શબ્દ છે અને ઈશ્વરને આપણે ‘ઓમ્નીસાયંટ’ - સર્વજ્ઞ તરીકે સ્વીકારીએ છીએ. સાયન્સનો અર્થ જ્ઞાન જ થાય છે. આપણી પરંપરામાં એને ‘શાસ્ત્ર’ પણ કહી શકીએ શાસ્ત્રમાં શસ્ત્ર કરતાં કરોડો ઘણી વધારે તાકાત છે. શસ્ત્ર તો મારી જાણે, શાસ્ત્રમાં જિવાડવાની ક્ષમતા હોય છે. ભારતીય સંસ્કૃતિ અતિ પ્રાચીન હોઈ આપણા પૂર્વજો પાસે શસ્ત્ર અને શાસ્ત્ર બેઉ સમાંતરે વિકસતાં રહ્યાં. પરંતુ પછી એક એવો અંધકારયુગ આવ્યો કે એ વિકાસ થંભી ગયો. એને આગળ વધવા માટેનું વાતાવરણ જ ન મળ્યું. વિદેશી આક્રમણો, ગુલામી અને નિરક્ષરતાના એ અંધકાર યુગમાં શ્રદ્ધાનું અંધશ્રદ્ધામાં રૂપાંતર થયું. જ્ઞાન અને વિજ્ઞાન પર પડદો પડી ગયો અને અજ્ઞાનનો માહોલ સરજાયો. આયુર્વેદ જેવા શસ્ત્રનો વિકાસ એક ચોક્કસ બિંદુએ અટકી ગયો. એટલે પશ્ચિમમાં જે એલોપથીનું આધુનિક વિજ્ઞાન વિકસ્યું એની સરખામણીએ આયુર્વેદ ફક્ત વાત-પિત્ત અને કફના ત્રિદોષમાં જ અટવાતું રહ્યું. પંચકર્મ જેવા પ્રયોગોમાં અગ્નિકર્મ અર્થાત્ ગરમ કરેલી સોયથી ડામ દેવાથી લઈ ‘બગડેલા’ લોહીને ચૂસી લેવા માટે જળો નામના જળચર જીવનો ઉપયોગ પણ થયો. આ બધું કાળક્રમે કચરાટોપલીમાં ફેંકી દેવા જેવું હતું કારણ કે બેકટેરિયા સામે એન્ટિબાયોટિકની શોધ ઉપરાંત શરીરને લગતી દરેક બિમારી માટે એલોપથી પાસે તાત્કાલિક ઉપચાર ઉપલબ્ધ હતા. સુશ્રુતે પહેલી સર્જરી કરી હશે એનો ઈન્કાર ના કરીએ પણ ત્યારે એન્ટિસેપ્ટિક, એન્ટિબાયોટિક્સ અને એનેસ્થેશિયા જેવી કોઈ સુવિધા ઉપલબ્ધ નહોતી. આજે જયારે લેસર સર્જરી સુધીની પ્રગતિ થઈ હોય ત્યારે પટણાની આયુર્વેદ કૉલેજના વિદ્વાન આચાર્યો મ્યુકોરમાઈકોસીસ જેવી પ્રાણઘાતક બિમારી માટે જળોનો ઉપયોગ સૂચવે તે કેવી પછાત મનોદશા છે ! જળો મ્યુકોરમાઈકોસીસની કાળી ફૂગને હટાવે કે ચૂસી એ પહેલાં તો બિચારો દરદી રામ બોલો ભાઈ રામ થઈ જાય. આ અબુધ શાસ્ત્રીઓ ને માનવીના અણમોલ જીવન સાથે સંસ્કૃતિ અને કહેવાતી ભવ્ય પરંપરાના નામે ચેડાં કરવા દેવાય ખરાં ? ચાઈનીઝ કોરોનામાં રામદેવ બાબાની દવા કેટલી કારગત નીવડી ? આવા અખતરા ખરેખર તો માનવીનું મોત જ નોતરતા હોય છે, હજી આ દેશનો અભણ અને અંધશ્રદ્ધાળુ ગામડિયો કોરોના સંક્રમણની સારવાર કરાવવા ડૉકટર પાસે જવાને બદલે ભૂવાને તેડાવીને ડાકલાં વગડાવતો હોય તો આ દેશને ના તો વિજ્ઞાન બચાવી શકે કે ના ભગવાન બચાવી શકે. ભગવાન અને વિજ્ઞાન વચ્ચે પણ પસંદગી કરવા માટે કોરોનાએ પડકરા ફેંક્યો છે . તેત્રીસ કરોડ દેવતાઓ ધરાવતા દેશ પાસે શ્વાસ માટે વલખતા દરદીઓ માટે ઓક્સિજન નથી, એ મતલબનું ફ્રેન્ચ અખબાર ‘શાર્લી હેબ્દો’નું કાર્ટૂન કેટલું વેધક છે ! ધર્મના નામે ચૂંટણી તો જીતી શકાશે પણ રામના નામે કોરોના સંક્રમણથી નહીં બચી શકાય એ સત્ય સમજી લેવાની જરૂર છે. અત્યારે તો રામ કે કૃષ્ણ પણ કોરોનાગ્રસ્ત થાય તો એમને એન્ટિ વાયરલ દવાઓ જ સાજા કરી શકે. કીડિયારાની જેમ ઊભરાતી વસતિને ભગવાન અને વિજ્ઞાન વચ્ચેનો તફાવત કોણ સમજાવશે ? રાજકારણીઓ તો દીવા જ પ્રગટાવતા રહેશે, તાળીઓ અને થાળીઓ જ વગાડતા રહેશે અને વિજયમુહૂર્તમાં ઉમેદવારી પત્રો ભરતા રહેશે! જીવવું હશે તો વિજ્ઞાનનો સ્વીકાર કરવો પડશે. ભગવાન તો આવા સમયે ગોદડું ઓઢીને સૂઈ જતા હોય છે.

# લેબોરેટરીને પૈસા ચૂકવ્યા છે વોટ્સએપ કેમ ના કરો !

**● એસએમએસ, વોટ્સએપ, મેઈલ કરાવામાં જાય શું ? ● અમે પૈસા આપવા તૈયાર છીએ તો તમે ઘરે આવીને લોહી કેમ ના લઈ જાવ ? ● લેબવાળા માંગે એટલા પૈસા તો આપીએ છીએ...**



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર

આજે ગાંડાલાલ જરા ઘેલમાં હતા. અરે યાર... ડાહ્યાલાલ હું એક લેબોરેટરીમાં ટેસ્ટ કરાવા ગયેલો. લેબમાં એક દર્દી લેબવાળા જોડે બહુ મોટા અવાજે ફરિયાદ કરતો હતો. મે સવારે નવ વાગ્યે લોહી, પેશાબના ટેસ્ટ આપ્યા. લેબવાળાના રિસેપ્શન ઉપર હું કહીને ગયો હતો કે, મારો રિપોર્ટ તમે એસએમએસ, વોટ્સએપ કે મેઈલ કરજો. લેબોરેટરીમાં દસ વાર ફોન કર્યો પણ ફોન જ ઉપાડતા નથી અથવા સતત એન્ગેજ ટોન મળે છે. ના છૂટકે ૬૦ વર્ષની ઉંમરે મારે ફરી રિપોર્ટ લેવા ધક્કો ખાવો પડ્યો. તમે લેબવાળા તમારી જાતને સમજો શું ? અમે કઈ ગધેડી પકડી છે? લોહી આપવાએ આવીએ ને રિપોર્ટ લેવાયે આવીએ. કોરોનામાં લેબવાના ભાવ વધ્યા છે. પણ ધ્યાન રાખજો આ ભાદરવાના ભીંડા જેવું છે. થોડા વખત પછી પાછા એવાના એવા થઈ જઈશું.

ડાહ્યાલાલથી રહેવાયું નહીં ડાહ્યાલાલે કહ્યું, ગાંડાલાલ શાંત થાવ શાંત થાવ... જુઓ ગાંડાલાલ લેબવાળાની ફરજ છે કે તમે આપેલા લોહીના, પેશાબના નમૂનાની સચોટ, સારા મશીન ઉપર ટેસ્ટ કરાવવાનો રિપોર્ટ આપવાના એ કામ લેબવાળાનું છે. પણ એસએમએસ, વોટ્સએપ અથવા તો મેઈલ સામાન્ય રીતે તમારા ખાનગી ડોક્યુમેન્ટ છે. એને જાહેર ન કરવા જોઈએ. લેબ પાસે એસએમએસ અથવા વોટ્સએપ કરાવીને શું તમારે તમારા ખાનગી રિપોર્ટને જાહેર કરવા છે? એની જરૂર જ નથી. ગાંડાભાઈ બોલ્યા, એ નઈ ભાઈ મારે ડૉકટર પાસે જવું ના પડે. ડૉકટરને એસએમએસ અથવા વોટ્સએપ કરી દઈએ તો ડૉકટર જોડે જવું ના પડે. એટલે કેટલા ધક્કા બચે એ ખબર છે તમે. ડાહ્યાભાઈ ના હું એવાત સાથે સંમત નથી. જેમ લોહી આપવા માટે લેબમાં જવું પડે તેમ રિપોર્ટ લેવા લેબમાં જવું જોઈએ. અને ડૉકટરને પણ જાતે જ બતાવવા જવું જોઈએ. કારણ કે કોઈક વખત એસએમએસ અથવા વોટ્સએપ પર જોઈને દવા લખાવવામાં તમને જ નુકશાન છે. આગળ શું દવા લખી હતી અને રિપોર્ટ પછી શું ફેરફાર કરવાના છે. એ કોઈ વખતે દર્દીને નુકશાન કરી શકે છે. માટે એસએમએસ, વોટ્સએપ અથવા તો મેઈલ ઉપર રિપોર્ટની આશા કોઈક વખત ખરાબ પરિણામ દર્દી માટે લાવી શકે છે. ઘણી મોટી લેબોરેટરીઓના નિયમ એવા હોય છે. જે તમને ઓપ્શન પૂછે કે તમારે રિપોર્ટ સોફ્ટ કોપી જોઈએ કે હાર્ડ કોપી જોઈએ. જો તમે સોફ્ટ કોપી એટલે કે મેઈલમાં રિપોર્ટ મેળવવો તો હાર્ડ કોપીના જુદા પૈસા આપવા પડે છે. ગાંડાલાલ બોલ્યા.... ગાંધીનગરમાં બધી લેબવાળા આપે છે. ગાંડાલાલ ગાંધીનગરની લેબવાળા સારા છે અથવા તો દર્દીઓને વધુ પડતા સાચવવા માટે આવું કરતા હશે. ખરેખર તો કલકત્તામાં એવી લેબ છે બ્લડ આપવા માટે અને રિપોર્ટ લેવા માટે લેબાં જવું પડે. ત્યાં ઘરેથી બ્લડ લેવા માટે વિઝિટ પણ આવતા નથી. ઘરેથી લોહી અને પેશાબ લાવવા માટે એટલા માટે આગ્રહ રાખતા હોય છે. દર્દી ઉંમરલાયક હોય અથવા તો વધારે પડતી તબિયત ખરાબ હોય. હાલતા-ચાલતાં ખાલી પૈસાના જોરે ઘરે બોલાવીને બ્લડ આપનારે સમજવાની જરૂર છે કે તમારે ત્યાં લોહી લેનાર વ્યક્તિ ખરેખર લોહી લેવા માટે એને ટ્રેનિંગ આપી છે ? એની પાસે ટ્રેનિંગ સર્ટિફિકેટ છે? બરાબર બ્લડ લઈ શકે છે ? ગમે તે લેબમાંથી ગમે તેવા છોકરા આવીને લોહી લઈ જાય ? જેમાંથી તમારી ખાનગી ડોક્યુમેન્ટ બનવાનો છે? એ શું યોગ્ય છે? તમારે જે લોહી ટ્યૂબમાં નાખે છે તેમાં તમારું નામ બરાબર લખાયું છે? તમારી ઉંમર બરાબર લખાઈ છે એ બરાબર ચકાસો પછી જ એમાં લોહી નાખવા દો. અને એમાં તમારી સહી કરો એ પછી જ લોહી આપો. બે-ત્રણ ટ્યૂબમાં એ તમારું લોહી નાખશે. જેમાં જુદાજુદા કલરની ટોપીઓ હોય છે અને એ વિઝીટવાળા છોકરાને પૂછો કઈ ટ્યૂબમાંથી કયાં ટેસ્ટ તશે. ગાંડાભાઈ શક્ય હોય ત્યાં સુધી ઘરે બ્લડ લેવા ન બોલાવવા જયાં સુધી શક્ય હોય તો લેબમાં જઈને જ બ્લડ આપવું જોઈએ...

# સ્નેહ, સદ્ભાવ તથા સંવાદ : આપણી આજની તાતી જરૂરિયાત



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

વિશ્વમાં છેલ્લા પાંચ – સાત દાયકામાં જે પ્રગતિ થઈ છે તે તેની પહેલાના સમાન સમયકાળની સરખામણીએ ઘણી વધારે છે તેવો મત લગભગ સર્વ સ્વીકૃત છે. દુષ્કાળ તથા ભૂખમરાના જે દ્રષ્યો સત્યજીત રેની ફીલ્મોમાં જોવા મળ્યા હતા તે કંપારી છૂટે તેવા ભયાવહ હતા. આવા દ્રષ્યો જગતમાંથી ભલે નિર્મૂળ થયા નથી પરંતુ ભૂખમરાથી મૃત્યુનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઓછું થયું છે. આ ઉપરાંત તબીબી સારવારની તેમજ વિશેષ અસરકારક દવાઓની શોધ તેમજ ઉપયોગના કારણે તબીબી સારવારનો વ્યાપ તેમજ ગુણવત્તા બન્ને ક્રમશઃ વધતા ગયા છે. આપણી જેવા દેશોમાં જોકે આરોગ્ય ક્ષેત્રમાં હજુ ઘણું વિશેષ કરવાની જરૂરિયાત છે તેની પ્રતિતિ થયા કરે છે. કોવિડ-૧૯ ની કટોકટીનો સામનો કરવામાં આ વાતની ફરી પ્રતિતિ થવા પામી. તેમ છતાં સરેરાશ LIFE SPAN માં ઉત્સાહજનક વધારો થયો છે. લોકોના જીવનધોરણમાં થયેલો સાર્વત્રિક સુધારો નોંધપાત્ર છે. ભૌતિક સુવિધાઓનો વ્યાપ વધ્યો છે. એક મોટા મધ્યમવર્ગની ખરીદશક્તિને કારણે અનેક સમાજીક તથા વૈયક્તિક પરિમાણો તેમજ રહન સહન બદલાયા છે. સુખ-સુવિધા તથા મનોરંજનના અનેક માધ્યમો એક વિશાળ જન સમુદાયને સહેજે મળતા થયા છે.

સમાજની સ્થિતિમાં આવો સુધારો થયો હોવા છતાં મોટા ભાગના લોકોને જીવનમાં કંઈક ખૂટતું હોય તેમ જણાય છે. સાધનોની છત તથા છાકમછોળ વચ્ચે પણ કશાક અભાવ કે ઓછાપણાનો ભાવ સમાજમાં અનેક લોકો અનુભવે છે. આર્થિક અસ્થિરતા, વ્યક્તિગત આરોગ્ય કે સામાજિક સબંધોના પ્રશ્ને માનવી અનેક પ્રસંગોએ નિઃસહાયતાનો અપ્રિય અનુભવ કરે છે. દેશના કેટલાક ભાગોમાં જગતના તાત ગણાતા ખેડૂતને આર્થિક કારણોસર આત્મહત્યા જેવું આત્યંતિક પગલું ભરવું પડે તેમાં સમગ્રતયા સ્વસ્થ સમાજનું દર્શન થતું નથી. યુવાનવર્ગમાં પણ અનેક લોકો સતત તાણ કે દબાવણનો અનુભવ કરતા જોવા મળે છે. વિદ્યાર્થીઓને હતાશાથી બચાવવા માટે કાઉન્સેલીંગ કેન્દ્રો શરૂ કરવા પડે છે. અતિશય આકાંક્ષા તેમજ ગળાકાપ હરીફાઈને કારણે બહારથી સુખી – સંપન્ન દેખાતા સમાજમાં પણ અસ્વસ્થતાના તણખા નાના મોટા પ્રસંગોએ જોવા મળે છે. કોવીડ-૧૯ ના લોકડાઉનના તેમજ તે પછીના સમયાગાળામાં અનેક લોકોએ સમાજના અન્ય વ્યક્તિઓને મદદરૂપ થવાના તન-મન-ધનથી પ્રયાસો કર્યા. પરંતુ કેટલાક કિસ્સાઓમાં સારવારનું પવિત્ર કાર્ય કરતા લોકો પરત્વે અનિચ્છનિય વ્યવહાર સમાજના કેટલાક લોકોએ કર્યો. કેટલાક કિસ્સામાં રોગ સામેના પ્રતિકારના ઈચ્છનીય વલણ સામે રોગીઓ તરફનો દેખીતો કે અણદેખીતો અણગમો દેખાયો. કેટલાયે વયસ્ક કુટુંબો કે જેમને ઘરના કામમાં અનિવાર્ય રીતે રસોઈ કે નાના મોટા ઘરકામમાં મદદની જરૂર હતી કે એકાએકજ બંધ થઈ. સામાન્ય સારવાર માટે તબીબો સહેજે મળતા હતા તે સેવા પણ મહદ અંશે ખોરવાઈ ગઈ. સંબંધોના વર્ષો જૂના બંધનો ઢીલા પડ્યા. છેલ્લા થોડા વર્ષોની સ્થિતિ જોતાં એમ લાગે છે કે એક માણસ બીજા માણસથી વિખૂટો પડતો જાય છે. ઉષ્મા તથા સ્નેહના અભાવે અનેક લોકોના જીવનમાં નાના મોટા વંટોળ ઊભા કર્યા છે. આપણે ભૌતિક સુખ – સુવિધાની દોટમાં આપણો સામાજિક સ્વસ્થ સંબંધોનો તાંતણો તોડી તો રહ્યા નથીને તે વિચારવાનો સમય છે. સામાજિક સંબંધોના તાણાંવાણા જ્યારે નબળા પડે ત્યારે તેની અસર જાણ્યે અજાણ્યે કૌટુંબિક સંબંધો પર પણ પડે છે. નિઝામુદીન ઓલિયા તથા તેમના શાગીર્દ અમીર ખુશરો વચ્ચેનો એક સુમધુર તેમજ અર્થપૂર્ણ સંવાદ વિદ્વતજનોના મુખે સાંભળવા મળ્યો છે. ઢળતા દિવસે તેમજ સંધ્યાની લાલીમાની શાક્ષીએ તથા લોબાનની સૌરભ વચ્ચે નિઝામુદ્દીન પોતાના પ્રિય શિષ્યને કહે છે : ‘‘બેટા, જીવનમાં સંવાદ એ મહત્વની ચીજ છે. સંવાદ થકીજ સદ્ભાવ પ્રગટે છે અને દુર્ભાવનું આવરણ દૂર થાય છે.’’ ટેકનોલોજીના અનેક પ્રકારે ઉપયોગી એવા ઘોડાપૂરમાં આપણે કદાચ વધારે યાંત્રિક થયા છીએ. એકબીજા સાથે સંવાદની ભૂમિકા હતી તે નબળી થઈ છે. શિષ્ટાચાર વધ્યો છે પરંતુ સંબંધોની ઉષ્મા ઓસરી છે. તેમાં ટેકનોલોજીનો દોષ નથી. ઉપલબ્ધ ટેકનોલોજી પરત્વેના નિર-ક્ષિર વલણ તારવવાની જવાબદારી આપણીજ બને છે. એક સ્વસ્થ સમાજ તેમજ સામાજીક પ્રાણી તરીકે આપણી સંવેદનશીલતા જાળવવાની ફરજ છે. જેઓ વિશેષ શિક્ષિત કે સમૃધ્ધ છે તેમની જવાબદારી અલબત્ત, સવિશેષ છે. શિક્ષિત લોકો પાસે એક વિશેષ અપેક્ષા રહે છે. આ વાતના સંદર્ભમાં ગાંધીજીના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. પ્રસંગની વિગત કાકાસાહેબે લખી છે. વાત મહાત્મા તથા અમેરિકન મિશનરી મોટ વચ્ચેના સંવાદની છે. મોટ ગાંધીજીને મળવા સાબરમતી આશ્રમમાં આવ્યા. દુનિયાભરના યુવકોમાં માનીતા એવા રેવરન્ડ મોટ બાપુને મળ્યા. તેમણે બાપુને પૂછ્યું : ‘‘તમને વધારેમાં વધારે ચિંતાજનક અને દુઃખદ કઈ વસ્તુ લાગે છે ?’’ બાપુ ઉત્તર વાળતા કહે છે : ‘‘ભારતના ભણેલા લોકોની ‘hardnass of heart.’ અંગ્રેજોની કેળવણીને લીધે તેમના હૃદય પાષાણ જેવા બની ગયા છે.’’ ઉપરાંત બાપુ ઉમેરે છે કે હિન્દુસ્તાનની પ્રજાના સ્વભાવમાં રહેલી અહિંસાના બળે જગતને અદ્વિતિય એવી ક્રાંતિ કરી દેખાડવાની મારી ઉમેદ છે. **(ગાંધી-ગંગા. સંપાદન : મહેન્દ્ર મેઘાણી)** આપણી આંખના અમી જો સુકાય તો સૃષ્ટિની શોભા ઓછી થાય.

સહ અસ્તિત્વનો સ્વીકાર તથા તેની જવાબદારી જાળવવાનું કામ સરકારો કાયદા પસાર કરીને કરી શકે નહિ. આ બાબત સમજવા માટે ફરી ગાંધી – વિનોબાની વિચારસરણી તરફ વળવું પડશે. આવો પ્રશ્ન આપણાં એકલાનો નથી. વિશ્વના અનેક લોકોનો છે. આથી આ બાબતની ગંભીરતા સમજી આપણે વ્યક્તિગત રીતે આપણી આસપાસના લોકોની કાળજી લેતા થઈએ તો એક સ્નેહ તેમજ સંવાદની ભૂમિકા ઊભી થઈ શકે. સ્નેહ તથા સંવાદના પાયા ઉપરજ સ્વસ્થ તથા મજબૂત સમાજનું નિર્માણ થઈ શકે છે.

# જે દિવસે જિન્નાહને ગુમાવ્યા તે જ દિવસે ગાંધીએ સરદારને મેળવ્યા

**સંસ્મરણો મહાત્મા ગાંધી અને સરદાર પટેલના....**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

લોકોની મુશ્કેલીઓ અને ફરિયાદો સરકાર સમક્ષ રજૂ કરવાના ‘ગુજરાત સભા’ની સ્થાપના થઈ હતી. ગુજરાત સભાએ મુંબઈ પ્રાંતની રાજકીય પરિષદનું યજમાન પદ સ્વીકાર્યું હતું. અમદાવાદમાં મળેલી આ પરિષદમાં વલ્લભભાઈએ હાજરી આપી. ગાંધીજી આગેવાનોમાં અગ્રસ્થાન ધરાવતા હતા તે જાણીને તેમને રંજમિશ્રિત આશ્ચર્ય પણ થયું પરંતુ ગાંધીજીએ જે ઠરાવ રજૂ કર્યો તેમાં ગાંધીનાં અવાજ અને ભાષામાં રહેલી ગંભીરતા સરદારને સ્પર્શી ગઈ. અને ગાંધીના શિક્ષિતોએ ચક્કી પિસવી જોઈએ અને સંડાસો સાફ કરવા જોઈએ તેવા વિચારોને ‘તેજસ્વી વિચારો’ ગણાવી વ્યંગબાણો છોડીને હસાવતાં છતાં ગાંધીની સૌમ્ય અને તર્કયુક્ત સરળ રજૂઆત સરદારના માનસપટ પર છવાઈ ગઈ. વકીલાતમાં સાથે રહેલા મિત્રોની ‘પણ ઉપરછલ્લી મજાકમશ્કરી કરવા છતાં કબલમાં બેસીને લોકસેવા થઈ શકે નહીં -’ એવી દલીલો પણ ગાંધી તરફના ખેંચાણાં નિમિત્ત બન્યા. ચંપારણ સત્યાગ્રહમાં અંગ્રેજ સરકાર સામે જંગે ચડવા પહોંચેલા ગાંધીજીને જયારે ચંપારણ છોડી જવાનો જિલ્લા મેજિસ્ટ્રેટે હુકમ કર્યો ત્યારે આ હુકમ માનવાનો ઈન્કાર કરતાં ગાંધીજીએ જણાવ્યું કે ‘આ જિલ્લો છોડી જવાનું મારે માટે શક્ય નથી. અનાદર કરવાનો દંડ ભોગવવાની મારી તૈયારી છે. કારણ કે આત્માના અવાજ જેવા માનવ જીવનના વધારે ઊંચા કાયદાનું મારે પાલન કરવાનું છે.’ સરદાર વલ્લભભાઈ પટેલ પર આ જવાબે જબર અસર કરી. અને પછી ૧૯૧૭ની ઑકટોબર મહિનામાં મળેલી ‘ગુજરાત સભાહ્રમાં મળેલી મીટીંગ પછી ગાંધી માટે તિરસ્કાર અને તુચ્છકાર વલ્લભભાઈમાંથી નાબૂદ થયો અને ગાંધી અને સરદારની એકબીજાને જોડે જકડી લેનાર સાંકળની પહેલી કડીનું ઘડતર થયું. આ કડી સરદારે જીવંતપર્યંત જાળવી રાખી. એકાદ મહિના પછી સન ૧૯૧૭ના નવેમ્બરની શરુઆતમાં ગુજરાત રાજકીય પરિષદમાં ગાંધીજીને પહેલી જ વખત તેઓ મળ્યા. આ સભામાં ગાંધીજીએ અંગ્રેજીમાં નહીં પરંતુ ભારતીય ભાષાઓમાં પ્રવચન કરવા કહ્યું. જે મુજબ ટીળકે મરાઠીમાં, વિઠ્ઠલભાઈ ગુજરાતીમાં બોલ્યા અને મહંમદ અલી જિન્નાહે પણ ગુજરાતીમાં ભાષણ આપ્યું. આ ઉલ્લેખ એટલા માટે કરવો રહ્યો કે ગોધરામાં મળલી એ બેઠકનો ૨૭ વર્ષ પછી ઉલ્લેખ કરતાં મહાત્મા ગાંધીએ નોંધ્યું છે કે ‘જિન્નાહ સાહેબને અંગ્રેજી છોડીને ગુજરાતમાં બોલવાની વિનંતી કરી તે દિવસથી જિન્નાહ સાહેબ મને ધિક્કારતા થયા છે.’ ગાંધીજીનું જો આ વિશ્લેષણ જોઈએ તો જે દિવસે જિન્નાહને ગુમાવ્યા તે જ દિવસે ગાંધીએ સરદારને મેળવ્યા એમ કહી શકાય.

પછી તો સરદાર સાહેબે દેશને અને ગાંધીને સ્વરાજની લડતમાં જયારે જરુર હોય અને જેવી જરૂરીયાત એ મુજબ ટેકો આપ્યો. ૧૯૨૪માં ગાંધીજીએ સરદારને કારોબારીમાંથી પડતા મૂક્યા ત્યારે ખાદી, દારૂબંધી, વેઠપ્રથા, અસ્પૃશ્યતા નિવારણના કામો ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખ તરીકે રચનાત્મક કામો ઉપાડ્યા. ગાંધીજીના કહેણ અનુસાર સમાજ સેવાનું કામ કરવા માટે વલ્લભભાઈમાંથી પ્રેરણા આપી હતી.

ગાંધી અને ગાંધીના વિચાર સાથે જોડાયા પછી સરદારે કયારેય તેમના માનેલા ‘સરદાર’ મહાત્મા ગાંધીના વિચાર કે વાતને ઉથાપ્યા ન હતા. પોતાને ચોથ નંબરનો પુત્ર સ્વરાજની લડતમાં ગાંધી સાથે જોડાયો છે તે જોતાં ૭૪ વર્ષની ઉંમરે પહોંચેલા વલ્લભભાઈના માતાએ પણ ખાદી કાંતતા અને ખાદી પહેરતા શીખી લીધું હતું. લાડબાએ પછી આજીવન ખાદી અને કાંતણને છોડ્યું ન હતું.

સન્ ૧૯૨૪માં બોરસદ લડતનો વિજય થયો એ સમયે પૂનાની ડેવિડ સાસૂન ઈસ્પિતાલમાં ગાંધીજીનું એપેન્ડિકસનું ઓપરેશન થયું હતું. ત્યાં ગાંધી - સરદારનું મિલન થયું હતું. મહાદેવભાઈ દેસાઈએ આ મિલન નોંધ્યું છે : (બાપુ) ઘણા નબળા પડી ગયા હતા. પણ અમને જોયા ત્યારે વલ્લભભાઈને સામે જોઈને ‘આવો, બોરસદના ‘રાજા’ કહીને મુક્ત રીતે હસી પડ્યા હતા. વલ્લભભાઈનો વાંસો થાબડતા મહાત્માજીએ કહ્યું કે ‘બોરસદમાં તમે ભારે પરાક્રમ કરી બતાવ્યું.’

ગાંધીજીના શબ્દની ઉપેક્ષા કરનાર કોંગ્રેસીઓની સંખ્યા ઘણી મોટી હતી. એક અંગ્રેજના ખૂનને વખોડી કાઢનાર ઠરાવ એક વખત ગાંધીજીએ રજૂ કર્યો ત્યારે ચિત્તરંજનદાસ સહીત ઘણાએ એ ઠરાવને તોડી પાડ્યો. પણ વલ્લભભાઈ ગાંધીજીની પડખે પૂરી વફાદારીથી રહ્યા. ગુજરાત પ્રાંતિક સમિતિના અધ્યક્ષ તરીકે તેઓ જયારે હતા ત્યારે યજમાન તરીકે વ્યવસ્થા સંભાળ અર્થે તેમને મીટીંગમાંથી બહાર જવું પડતું હતું. પણ જયારે સરદાર પટેલ બેઠકમાં હાજર થાય ત્યારે મત આપવાનો થાય તો ‘હું ગાંધીજીને ટેકો આપું છું.’ તેવું જાહેર કરતા.

સરસ ફૅશનદાર કપડામાં સજજ્ અને માથા પર ફેલ્ટ હૅટ જરા બાંકી છટાથી પહેરતા, વર્તનમાં અતડા અને કડક વલ્લભભાઈ - એક સમયે ગાંધીને ‘તેજસ્વીહ્ર વિચારક અને ‘ચક્રમ’તરીકે હાંસીપાત્ર તરીકે મશ્કરી કરતા આ હોંશિયાર બહુ થોડા સમયમાં ગાંધીના ‘અંધ અનુયાયી’ પણ કહેવાયા. ૧૯૧૬ના ઉનાળામાં ગુજરાત કબલમાં ગાંધી જયારે ભાષણ કરવા આવ્યા ત્યારે સાથી વકીલ ગણેશ વાસુદેવ માવળંકર સહીતના મિત્રો તેમને સાંભળવા જતા હતા તે સરદારને ગમ્યું નહીં. માળવંકરને માળવંકરને તેમણે પૂછ્યું કેમ ઊભા થયા? જવાબ મળ્યો : જુઓ, ગાંધી આવ્યા છે ત્યારે સરદાર સાહેબે કહ્યું હતું, ‘એમાં શું થઈ ગયું? અમારી (બ્રિજ) રમત જોશો તો તેમાં તમને વધારે જાણવાનું મળશે. ગાંધી શું કહેવાના છે તે હું તમને કહી શકું. તમને ઘઉંમાંથી કાંકરા વીણતાં આવડે છે કે નહીં, તેવું ગાંધી તમને પૂછશે અને આ પ્રવૃત્તિથી આઝાદી મળી જાય તેવું ઠરાવશે’. **(સંદર્ભ : હિંદ કે સરદાર, લેખક : રાવજીભાઈ પટેલ, પૃષ્ઠ : ૩૩)**

એકબીજા વચ્ચે સ્પષ્ટ મતભેદો છતાં ચોખ્ખા સંવાદના કારણે સરદાર અને ગાંધીજી વચ્ચે ઉષ્મામાં કોઈ ફેરફાર થયો નહીં. વલ્લભભાઈ પોતાનો સ્નેહ કદી બોલાવતાં નહીં, પણ આખા દિવસમાં તેમના અનેક કામો અને તેમણે આપેલા ઠપકામાંથી તેમનો ગાંધી સ્નેહ પ્રગટ થઈ જતો. કોઈ વખત કોઈ બાબતે ગાંધીજીએ કહ્યું કે, ‘હું મરવા પડ્યો હોઉં ત્યારે પણ મારો સંદેશો આવો જ હશે.’ સરદારે તેમને ઠપકો આપ્યો, તમે અમને અહીં લઈ આવ્યા છો અને એકલાં જ ચાલી જવા માગો છો?

બીજો એક આવો જ પ્રસંગ હતો. સરદારે બાપુને કહ્યું, ‘તમારો દુખાવો અંગુઠાથી કોણી સુધી પહોંચ્યો છે. હવે ખભા સુધી ચડશે. હવે તો કાંતવાનું બંધ કરો. બાપુએ કહ્યું : ‘કોઈક દિવસ તો બીજાના ખભા પર ચડીને જવાનું જ છે. સરદારે તરત જ કહ્યું, ‘ના, ના, અમને રખડાવીને જશો નહીં, પહેલાં વહાણ બંદરમાં લાવો, પછી જયાં જવું હોય ત્યાં જજો, અને આ સંવાદનું છેલ્લું વાક્ય ગાંધીથી ઉંમરમાં છ જ વર્ષ નાના એવા સરદારે કહ્યું હતું : અને હું સાથે આવીશ.’

મહાત્મા અને સરદારના સંબંધો કેવા? નો જવાબ આ એક જ વાક્યમાં આવી જાય છે.